અપીલ અરજી નં.૨૬૫ તા.૨૨–૧૧ –૧૦/૧૧
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ– શ્રી થદારામ કેવલરામ મહેતાણી
સામાવાળાઃ– ઈ.ચા. ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી થદારામ કેવલરામ મહેતાણી ની તા.૧૦–૧૦–૧૦ ની અરજીથી (૧) ફલેટ નં.૩૦૧ અને ૩૦૫, સોના એપાર્ટમેન્ટ, રામનગર રાંદેર, સુરત શહેર વોર્ડ નંબર ૧૬/ડી અને સર્વે નં.૧૨૮ ની બાંધકામની રજાચિઠ્ઠી, તેમજ ઓકયુપેશન સર્ટીફીકેટ તેમજ સદરહુ બિલ્ડીંગ બન્યા બાદ સદરહુ ફલેટના માલિકના અને કબજેદારોના તમામ દસ્તાવેજો, આકારણી પત્રક, ટેકસ એસેસમેન્ટ સને ૧૯૯૦ થી આજદીન સુધીની માહિતી આપવા. વિ. મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૨–૧૧–૧૦ ની **SMC/FAP/** નં.૨૬૫/૨૦૧૦–૧૧

શ્રી થદારામ કેવલરામ મહેતાણી ની તા.૧૦–૧૦–૧૦ ની અરજીથી (૧) ફલેટ નં.૩૦૧ અને ૩૦૫, સોના એપાર્ટમેન્ટ, રામનગર રાંદેર, સુરત શહેર વોર્ડ નંબર ૧૬/ડી અને સર્વે નં.૧૨૮ ની બાંધકામની રજાચિઠ્ઠી, તેમજ ઓકયુપેશન સર્ટીફીકેટ તેમજ સદરહુ બિલ્ડીંગ બન્યા બાદ સદરહુ ફલેટના માલિકના અને કબજેદારોના તમામ દસ્તાવેજો, આકારણી પત્રક, ટેકસ એસેસમેન્ટ સને ૧૯૯૦ થી આજદીન સુધીની માહિતી આપવા. વિ. મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી આપવા બાબતે આપેલ માહિતીના મુદ્દા નં.૨ અને ૩ની માહિતી મળેલ ન હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૨–૧૧–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા સાથે અપીલના મુદ્દા અંગે તેમનો પક્ષ પણ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૯૯૪ તા.૨૭–૧૧–૧૦ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન) તથા અરજદારનેઅપીલ અરજીમાં આરટીઆઈના નિયમ–૬ મુજબ મુળ અરજીની નકલ , ફી ભર્યાની વિગત, તબદીલ કરેલ હોય તો તેનો પત્ર,જાહેર માહિતી અધિકારીનો હોદ્દો, ખાતા/વિભાગનું નામ તથા જાહેર માહિતી અધિકારી તરફથી મળેલ માહિતી નકલ તથા નારાજગી અંગેના આધાર અને વાજબીપણું રજુ કરવાનું રહે છે. જે પૈકી અપીલ અરજીમાં મુળ અરજીની નકલ,ફી ભર્યાની વિગત તથા મળેલ પ્રત્યુત્તરની નકલ જણાવવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગનેં પત્ર નં.વેસ્ટઝોન/ આરટીઆઈ/આ.નં.૫૫૯ તા.૬–૧૨–૧૦ થી પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, અરજીની તબદીલ પત્રની નકલ, અરજદારને આપેલ માહિતી અંગે વેસ્ટઝોન/આરટીઆઈ/આ.નં.૪૮૭ તા.૧–૧૧–૧૦ ના પત્રની નકલ,તથા પત્ર ન. વેસ્ટઝોન/ આરટીઆઈ/આ.નં.૫૦૮ તા.૧–૧૧–૧૦ ના પત્રની નકલ તથા અરજદારે માહિતી અંગે ભરપાઈ કરેલ નાણા ભર્યા અંગેની રસીદ નં.૧૩૨૮૫૦ તા.૨–૧૨–૧૦ ની નકલ તથા રોકડા સ્વીકાર્યા અંગેની રૂા.૫૪/– ની પહોંચ રજૂ કરેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની તા.૧૦–૧૦–૧૦ ની જે અત્રે તા.૧૩–૧૧–૧૦ ના રોજ અરજી મળેલ છે. જે આરટીઆઈ સેલ/ ૨૯૭ તા.૧૬–૧૦–૧૦ ના રોજ ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોનને તબદીલ કરવામાં આવેલ. મુદ્દા નં.(૧) ફલેટ નં.૩૦૧ અને ૩૦૫, સોના એપાર્ટમેન્ટ, રામનગર રાંદેર, સુરત શહેર વોર્ડ નંબર ૧૬/ડી અને સર્વે નં.૧૨૮ ની બાંધકામની રજાચિઠ્ઠી, તેમજ ઓકયુપેશન સર્ટીફીકેટ તેમજ સદરહુ બિલ્ડીંગ બન્યા બાદ સદરહુ ફલેટના માલિકના અને કબજેદારોના તમામ દસ્તાવેજો, આકારણી પત્રક, ટેકસ એસેસમેન્ટ સને ૧૯૯૦ થી આજદીન સુધીની માહિતી આપવા. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/૪૮૭ તા.૧–૧૧–૧૦ થી ''ફલેટ નં.૩૦૧ અને ૩૦૫, સોના એપાર્ટમેન્ટ, રામનગર રાંદેર, સુરત શહેર વોર્ડ નંબર ૧૬/ડી અને સર્વે નં.૧૨૮ ની બાંધકામની રજાચિઠ્ઠી તેમજ ઓકયુપેશન સર્ટીફીકેટ વિગેરે માહિતી રાંદેરઝોનના કચેરી ઉપર ઉપલબ્ધ નથી'' તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૨) ફલેટ નં.૩૦૧ અને ૩૦૫, સોના એપાર્ટમેન્ટ, રામનગર રાંદેર, સુરત શહેર વોર્ડ નંબર ૧૬/ડી અને સર્વે નં.૧૨૮ જો હસ્તાંરીત થયેલ હોય તો તે અંગે સુરત મહાનગરપાલિકામાં કયા દસ્તાવેજોના આધાર નામફેર કરવામાં આવેલ છે તે લગતા તમામ પુરાવાઓ અને સબંધિત પક્ષકારે જે પણ અરજ સાથે દસ્તાવેજી પુરાવો રજૂ કરેલ હોય તો તેના તમામ દસ્તાવેજોની શેરા અને હુકમ સાથેની માહિતી આપવા બાબત. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.વેસ્ટઝોન/ આરટીઆઈ સેલ/આ.નં.૫૦૮ તા.૧–૧૧–૧૦ થી અરજદારે ટેના નં.૧૬ડી–૦૯–૩૧૧૧–૦–૦૦૧ તેમજ ટેના નં.૧૬ડી –૦૯–૩૧૨૧–૦–૦૦૧ ની નામફેર અંગેના તુમારની નકલ પાના દીઠ રૂા./– લેખે ભરવાથી ઝોન કચેરીએથી મળી શકશે તેવું જણાવેલ છે. જેના અનુસંધાને તા.૨–૧૨–૧૦ ના રોજ વાઉચર નં.૧૩૨૮૫૦ વેસ્ટઝોન એકાઉન્ટ ખાતે જમા કર્યાની રસીદ નં.૧૩૨૮૫૦ તા.૨–૧૨–૧૦ ની રસીદની પહોંચ રજૂ કરેલ છે. જેના સંદર્ભે જાહેર માહિતી અધિકારી તરફથી તા.૩–૧૧–૧૦ ના રોજ માહિતી મોકલવામાં આવેલ હોવાનું પૂરક વિગતોમાં જણાવેલ છે. પરંતુ કઈ માહિતી મોકલવામાં આવેલ છે તેની

વિગતો જાહેર માહિતી અધિકારી તરફથી તેમના પક્ષમાં રજૂ કરેલ નથી તેમજ અરજદારે તે મળેલી માહિતી અંગે પણ તેમના પક્ષમાં રજૂ કરેલ નથી. મુદ્દા નં.(૩) ફલેટ નં.૩૦૧ અને ૩૦૫, સોના એપાર્ટમેન્ટ, રામનગર રાંદેર, સુરત શહેર વોર્ડ નંબર ૧૬/ડી અને સર્વે નં.૧૨૮ ના હાલના માલીક આપના રેકર્ડ મુજબ કોણ છે તેની માહિતી આપવા બાબત. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારીએ સ્પષ્ટપણે કોઈ માહિતી આપેલ જણાતી નથી. જેના સંદર્ભે અરજદારે નિર્દિષ્ટ સમયગાળામાં જે નિર્ણય આપેલ છે તે અધૂરો અને પૂરતી માહિતી આપેલ નથી અને જાણીબુઝીને ગેરમાર્ગે દોરેલ છે તેવું જણાવી તા.૨૨–૧૧–૧૦ ના રોજ અપીલ અરજી કરેલ છે અને માહિતીના પેરા નં.૩ ના મુદ્દા નં.૨ અને ૩ નો કોઈ જવાબ આપવામાં આવેલ નથી. અરજદારે અપીલ અરજીમાં મુદ્દા નં.૨ અને ૩ ના હાલના કબ્જેદારો અને માલિકના નામો જણાવેલ છે. પરંતુ તેઓના નામો કયા આધારે દાખલ કરવામાં આવેલ છે જે માહિતી માંગણી કરેલ છતાં જાણીબુઝીને કોઈક ના ઈશારે ગેરકાયદેસર નામ દાખલ કરેલ છુપાવા માટે માહિતીથી વંચિત રાખવામાં આવેલ છે તેવી રજૂઆત કરેલ છે તથા કાયદેસરની માહિતી રેકર્ડ ઉપર ઉપલબ્ધ હોવા છતાં આપતા ન હોય તેવી રજૂઆત કરેલ છે. તથા શિક્ષાત્મક કાર્યવાહીની રજૂઆત કરેલ છે.

જાહેર માહિતી અધિકારી કક્ષાએથી નામફેર અંગેના તુમારની માહિતી પેટે પાના નંગ–૨૭ ની નકલો આપ્યાનું જણાવેલ છે. તે ધ્યાને લેતાં તેમાં મુદ્દા નં.૩ " હાલના માલિક આપના રેકર્ડ ઉપર કોણ છે" તેની માહિતીનો સમાવેશ તેમાં થયેલ હોવાનું માનવાને કારણ છે પરંતુ અરજદારે પૂરક વિગતોમાં આ બાબતે કોઈ પ્રકાશ પાડેલ નથી.

જયારે મહાનગરપાલિકાના આકારણી દફતરે મિલ્કત દાખલ હોય ત્યારે અને તેમાં પણ ખાસ કરીને ફલેટના કિસ્સામાં પાણી, ડ્રેનેજ જેવી આવશ્યક સુવિધાઓ પૂરી પાડવા મનપાના દફતરે હોવાનું અનુમાનિત છે અને તેવા કિસ્સામાં બાંધકામની રજાચિઠ્ઠી, ઓકયુપેશન સર્ટીફીકેટની દફતરી ઉપલબ્ધ માહિતી અગર તેની અનુપસ્થિતિમાં ગેરકાયદેસર બાંધકામ સબબ જો કોઈ કાર્યવાહી થયેલ હોય તો તેની વિગતો દફતર પર ઉપલબ્ધ હોઈ શકે. પરંતુ જાહેર માહિતી અધિકારી કક્ષાએથી મુદ્દા નં.૧ અંગે માહિતી દફતરે ઉપલબ્ધ નહીં હોવાનું માત્ર જણાવેલ છે. જાહેર માહિતી અધિકારીએ આ માહિતી દફતરી ઉપલબ્ધ નહીં હોવા અંગે નાશ કે નિકાલ અંગે કોઈ વિગતો પણ જણાવેલ નથી. આ સંજોગોમાં જાહેર માહિતી અધિકારી કક્ષાએ આનુષાંગિક દફતર તપાસી મુદ્દા નં.૧ અંગે દફતરી હકીકત અરજદારને પૂરી પાડવાની રહે.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારે તા.૧૦–૧૦–૧૦ ની અરજીથી માંગેલ માહિતી પૈકી મુદ્દા નં.૧ અંગે જાહેર માહિતી અધિકારી તરફથી નહીં પૂરી પડાયેલી માહિતી અંગે ફરીયાદની હકીકતમાં નિર્દિષ્ટ વિગતે આનુષાંગિક દફતર ચકાસી તે પૈકી ઉપલબ્ધ દફતરી માહિતી પૂરી પાડવા વિકલ્પે દફતરના નાશ કે નિકાલની વિગતોની અરજદારને દિન–૭ માં આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં પૂરી પાડવા ઈ.ચા. ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોનને જણાવવામાં આવે છે.

વધુમાં અરજદારે અપીલમાં રજૂ કરેલ શિક્ષાત્મક જોગવાઈ અંગે કાર્યવાહી કરવાની સત્તા આરટીઆઈ કાયદાની કલમ–૨૦ મુજબ રાજય માહિતી આયોગ સેકટર–૧૮, ગુજરાત રાજય ગાંધીનગરને છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧–૧૧

ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) ઈ.ચા.ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન) ...જાણ તથા અમલ માટે
(૨) શ્રી થદારામ કેવલરામ મહેતાણી,